

જમાલપુરથી ભડિયાદ ઉર્સમાં જવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રવાના થયા હતા.

# રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલ માટે આંદોલન કરાશે

## શાળાઓ નાપાસ વિદ્યાર્થીઓને ફરજિયાત શાળા છોડ્યાનું પ્રમાણપત્ર આપી દે છે : ઓલ ગુજરાત સ્ટુડન્ટસની ચિમકી

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ થયો નથી અને કેટલીક શાળાઓ નાપાસ થનાર વિદ્યાર્થીઓને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર ફરજિયાત આપી દેતી હોવાથી તેના વિરોધમાં ઉગ્ર આંદોલન કરવાની ઓલ ગુજરાત સ્ટુડન્ટસ ફેડરેશનને ચીમકી ઉચ્ચારી છે.

ઓલ ગુજરાત સ્ટુડન્ટસ ફેડરેશનના પ્રમુખ જ્યોર્જ ડાયસે જણાવ્યુ છે કે કેન્દ્ર સરકારે અમલમાં મુકેલ રાઈટ ટુ એજ્યુકેશન એટલે શિક્ષણનો અધિકારના કાયદાનો અમદાવાદ અને ગુજરાતમાં સરેઆમ છડે ચોક ભંગ થઈ રહ્યો છે. અને કાયદાની જોગવાઈ અનુસાર કોઈ પણ વિદ્યાર્થી પછી પાસ-નાપાસ થયો હોય તો પણ તેને શાળામાંથી કાઢી મૂકવા નહીં તેની જોગવાઈનો ભંગ થઈ રહ્યો છે. કેટલીક શાળાઓ દ્વારા નાપાસ વિદ્યાર્થીઓને તેમની મરજી વિરુદ્ધ શાલા છોડ્યાનું પ્રમાણપત્ર પધરાવી દેવામાં આવે છે. રાઈટ ટુ એજ્યુકેશન કાયદા હેઠળ કોઈ પણ પાસ કે નાપાસ વિદ્યાર્થી પોતાની મરજીથી શાલા છોડે તો એલસી આપવામાં આવે છે. પરંતુ કેટલીક શાળાઓ પોતાની શાલાનું નામ ખરાબ ન થાય તેથી નાપાસ વિદ્યાર્થીઓને હાંકી કાઢવામાં આવ્યા છે. કેટલીક શાળાઓએ વાલીઓને ગેરમાર્ગે દોરી સહી મેળવી હાંકી કાઢવામાં આવ્યા છે તે માટે આ અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએ સ્પેશીયલ સેલ ઉભુ કરી ભોગ બનેલા વિદ્યાર્થીઓને ન્યાય આપવા અને કાયદાનો ભંગ કરતી શાલા સામે સખ્ત પગલા ભરવા માંગણી કરી છે. રાજ્ય શિક્ષણમંત્રી, શિક્ષણ સચિવ, પ્રાથમિક શિક્ષણ નિયામક સમક્ષ રજુઆત કરાઈ હોવા છતાં આજદિન સુધી નક્કર પગલાં ન ભરાતા સરદાર બાગ ખાતે વિદ્યાર્થી, વાલી અગ્રણીઓની મળેલી સંયુક્ત સભાએ સખ્ત વિરોધ વ્યક્ત કરી રાઈટ ટુ એજ્યુકેશનના કડક અમલ માટે નિષ્ફળ જનાર રાજ્યના શિક્ષણમંત્રી રમણલાલ વોરાના રાજીનામાની માંગણી કરી હતી. અને વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં ઉગ્ર આંદોલન ચલાવવાનો નિર્ણય લેવાયો હતો.

# સોમનાથ સંસ્કૃત યુનિ.ના નવા કુલપતિની નિમણૂંક

અમદાવાદ, તા.૨૭

વેરાવળની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પંકજ જાનીની મુદત જુન મહિનાની ૮મી તારીખે કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે. ત્યારે નવા કુલપતિ સ્થાને ડૉ. વેમપટ્ટી કુટુમ્બ શાસ્ત્રીની વરણી કરવામાં આવી છે. ડૉ. શાસ્ત્રી સંસ્કૃત ભાષાના વિધવાન છે. ૬૨ વર્ષીય ડૉ. શાસ્ત્રી વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ દરમિયાન સમ્પુર્ણાનંદ સંસ્કૃત યુનિરર્સિટી, વારણસીના કુલપતિ રહી ચુક્યા છે અને તે પુર્વે વર્ષ ૨૦૦૩-૨૦૦૮ દરમિયાન તેઓની રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન દિલ્હીના પ્રથમ કુલપતિ તરીકે નિયુક્તિ થઈ હતી. ડૉ. શાસ્ત્રીએ વિદ્યા વારીધિની વિષય સાથે પીએચડી થયેલા છે. તેમણે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં ઈન યોગાની પદવી હાંસલ કરેલી છે. તેમણે આંધ્રપ્રદેશની શ્રી નરસિમ્હા સંસ્કૃત કોલેજ, નવી દિલ્હીની રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન તેમજ પોન્ડીચેરીની સેન્ટ્ર યુનિવર્સિટીમા લેક્ચરર, રીડર તેમજ ડાયરેક્ટર તરીકે સેવાઓ આપેલ છે.

# શાળાઓની એડ માટે નવો ટ્રેન્ડ મૉડેલ આઉટ અને શિક્ષકો ઈન

## શિક્ષકોના ફોટા પ્રદર્શિત કરી વિદ્યાર્થીઓને આકર્ષવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ધીરે ધીરે પોતાની સરકારી નગર તરીકેની ઓળખ બદલીને સાંસ્કૃતિક અને શૈક્ષણિક નગર બની રહ્યું છે એ વાતથી આપણે સૌ અવગત છીએ. અત્યાધુનિક અને શ્રેષ્ઠ શિક્ષણ માટે અહીં વિવિધ શિક્ષણ સંસ્થાઓની પણ કોઈ કમી નથી અને દર વર્ષે નવી શિક્ષણ સંસ્થા અહીં અથવા આસપાસના વિસ્તારમાં સ્થાન લઈ રહી છે એ વાત પણ આપણે સૌ જાણીએ છીએ. વળી, છેલ્લાં પાંચેક વર્ષથી ઈન્ટરનેશનલ સ્કૂલ્સનો ટ્રેન્ડ ચાલ્યો હોવાથી પ્રત્યેક વર્ષે ઈન્ટરનેશનલ સ્કૂલ્સની સંખ્યા પણ વધી રહી છે.



આ આખીય વાતમાં સમાચાર એ છે કે હવે ઈન્ટરનેશનલ સ્કૂલ્સ દ્વારા વિદ્યાર્થીઓને આકર્ષવા માટે જે જાહેરખબરો આપવામાં આવે છે, તેમાં શિક્ષકોના ફોટા છાપવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે.

અગાઉ શાળાની જાહેરખબર માટે જાણીતા કે અજાણ્યા પણ સુંદર મૉડેલ્સનો ફોટો આપવાનો ચાલ હતો. એ પછી ઉચ્ચ પરિણામ લાવીને શાળાનું નામ રૉશન કર્યું હોય એવા વિદ્યાર્થીઓના ફોટા જાહેરખબરમાં છાપવાનો ચાલ હતો અને હવે એ પણ બદલાઈને શિક્ષકોના ફોટા જાહેરખબરમાં છાપવાનો ચાલ શરૂ થયો છે.

અલબત્ત, આ ક્રમ ગત વર્ષથી જ શરૂ થઈ ચૂક્યો હતો, પરંતુ આ વર્ષે એનું પ્રમાણ વધારે દેખાઈ રહ્યું છે. ઘણી ઈન્ટરનેશનલ સ્કૂલ્સ હવે પોતાના પ્રતિભાશાળી શિક્ષકોનાં નામ જાહેર કરીનેય વિદ્યાર્થીઓને આકર્ષવાનો ઉપાય કરી રહી છે.


અખબારોમાં અપાતી જાહેરખબરો, ઈલેક્ટ્રોનિક્સ મિડીયાની જાહેરખબરો અને સ્કૂલ્સનાં પ્રેઝન્ટેશન તથા બ્રોશરમાંય હવે તો શિક્ષકોનાં નામ એમના ફોટા સાથે સમાવવામાં આવે છે. આ કારણે અત્યાર સુધી માત્ર સ્કૂલ્સનાં નામમાં જ સમાઈ જતાં શિક્ષકોને પણ હવે પ્રસિદ્ધિ મળવા માંડી છે. લોકો પણ જાણવા લાગ્યા છે કે અમુક શિક્ષક તમુક સ્કૂલ સાથે જોડાયેલા છે. આમ, શિક્ષકોની પ્રતિષ્ઠાના માધ્યમ દ્વારા પણ વિદ્યાર્થીઓ સ્કૂલ સુધી આવે એવો વિચાર ઈન્ટરનેશનલ સ્કૂલ્સે અમલમાં મૂકી જ દીધો છે. જોકે, પ્રતિષ્ઠિત શિક્ષકોનાં નામ જાહેર થવાથી સ્કૂલ્સને પણ ફાયદો મળવા જ લાગ્યો છે !

# ગુજરાતમાં દબંગ-૨નું શૂટિંગ કરાય તેવી વકી

અમદાવાદ, તા. ૨૭

દબંગ-૨નું શૂટિંગ શરૂ થઈ ચુક્યુ છે. સલમાન ખાન અને સોનાક્ષી અભિનિત દબંગ ફિલ્મે બોક્સ ઓફિસ ઉપર ધુમ મચાવી દીધા બાદ હવે દબંગ-૨ ફિલ્મનું શૂટિંગ જારી છે. આ ફિલ્મનું શૂટિંગ ગુજરાતમાં પણ કરવામાં આવે તેવી શક્યતા છે.

ચુલબુલ પાન્ડેની ભુમિકા અદા કરનાર સલમાન ખાન ગુજરાતમાં પણ કોઈ જગ્યાએ આ ફિલ્મ માટે દિલધડક સ્ટન્ડ કરતો નજરે પડશે. દબંગ-૨ના નિર્દેશકોની રાજ્યમાં ફિલ્મના શૂટિંગ સ્થળ માટે વાતચીત ચાલી રહી છે. રાજ્ય સરકાર સાથે વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ફિલ્મ નિર્દેશક અરબાઝ ખાનની નરેન્દ્ર મોદી સાથે આ સંબંધમાં મિટિંગ યોજાઈ હતી. જો કે આ સંબંધમાં




કોઈ સત્તાવાર માહિતી જારી કરવામાં આવી નથી. પરંતુ સુત્રોનું કહેવું છે કે દબંગની ટીમની પ્રવાસ વિભાગ સાથે વાતચીત થઈ ચુકી છે. દબંગ-૨ ફિલ્મના એક હિસ્સાની શૂટિંગ ગુજરાતમાં કરવામાં આવશે. ગુજરાત પ્રવાસ વિભાગે પણ પ્રોડ્યુસરો માટે હાલમાં ઘણી ઓફરો કરી છે.

દક્ષિણ ભારતીય એક ફિલ્મનું શૂટિંગ પણ હાલમાં ગુજરાતમાં કરવામાં આવ્યું હતું. સાહેબ બીવી ઓર ગેંગસ્ટરનું શૂટિંગ પણ હાલમાં દેવગઢ બારિયામાં કરવામાં આવ્યું હતું. નિર્માતાઓ માટે વધુ આકર્ષક ઓફરો પણ કરવામાં આવી રહી છે. કેટલાક નિર્દેશકો રાજ્યમાં શૂટિંગ કરવા સરકાર સાથે વાતચીત કરી રહ્યા છે. દબંગના કલાકારો અને ટીમ કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી. પરંતુ જો રાજ્ય સરકાર મંજુરી આપશે. તો આસપાસ રહેતા લોકોને સલમાન ખાનના સ્ટન્ડ જોવા મળશે.

# શબ્દ સરવાણી

### દોહો

માયા કે વશ સબ પડે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ,
નારદ શારદ સનક ઔર ગૌરીપુત્ર ગણેશ

### જોડકણું

પરપોટો જેમ પાણીનો કાચકળશવત્ કાય
વાર ન લાગે વણસતાં જે જાયું તે જાય

### સુભાષિત

હાટ હાટ હીરા નહીં, કંચનનો નહીં પહાડ,
સિંહનાં ટોળાં નહીં સંત વિરલ સંસાર

### ચોપાઈ

મામભિરક્ષય રઘુકુલ નાયક
ધૃત બરચાય રુચિર કર સાયક
(હે રઘુકુળના સ્વામી ! સુંદર હાથમાં
શ્રેષ્ઠ ધનુષ-બાણ ધારણ કરી મારી રક્ષા કરો.)

### સોરઠો

થોરે કેળાં થાય, કલિયુગના વારા વિશે,
મીઠપ નહીં મનમાંય, સાચું સોરઠિયો ભણે

### છપ્પો

જ્ઞાનીને પર કોઈએ નથી, મન અમન થયું તે વતી
ઉત્તમ માધ્યમ સઘળું ગયું, મન જાતે સર્વે લીન થયું
ગત દિવસનું સ્વપ્ન જ જેમ, હું તું ભાવ અખા થયો તેમ

### શ્લોક

ય: પઠતિ લિખતિ પશ્યતિ પરિપૃચ્છતિ પંડિતાનુપાશ્રયતિ
તસ્ય દિવાકર કિરણૈર્નલિની દલમિવ વિકાસ્યતે બુદ્ધિ:
(જે વાંચે છે, લખે છે. વિચારે છે, પૂછે છે, અવલોકન કરે છે,
વિદ્વાનોનો સત્સંગ કરે છે તેની બુદ્ધિ સૂર્યકિરણે કમળ ખીલે
તેમ વિકાસ પામે છે.)

- સંકલન : પી એમ પરમાર 'દર્શન'

### રમકડાં મળી ગયાં

જાત-જાતનાં ને ભાત-ભાતનાં, રમકડાં મળી ગયાં,
આનંદ મસ્તી ને રત રમકડાં, રમકડાં મળી ગયાં.
ભાઈબંધ ભેરૂ સહ રમવાને, રમકડાં મળી ગયાં,
સહ્યોગ વિયોગને સહેવાને, રમકડાં મળી ગયાં.
દુખ દરદને ભૂલવાને, રમકડાં મળી ગયાં,
સુખ સાયબીને મલવાને, રમકડાં મળી ગયાં.
પ્રેમ પુષ્પોને ખીલવવાને, રમકડાં મળી ગયાં,
આવન જાવન જીરવવાને, રમકડાં મળી ગયાં.
ઉદ્દેશ્ય જીવનનો પામવાને, રમકડાં મળી ગયાં,
એકતા પ્રાણીમાત્રની માણવાને, રમકડાં મળી ગયાં.
ભાથું સત્સંગનું બાંધવાને, રમકડાં મળી ગયાં,
ભાવ ભક્તિનો સાધવાને, રમકડાં મળી ગયાં.
કોઈ કહે રમકડાં રાખનાં, રમકડાં મળી ગયાં,
કોઈ કહે રમકડાં કામનાં, રમકડાં મળી ગયાં.
કોઈ વદે રમકડાં પ્રેમનાં, રમકડાં મળી ગયાં,
કોઈ વદે રમકડાં દૈવનાં, રમકડાં મળી ગયાં.

- સુમંતભાઈ મં શાહ

### વર્ષાની વાદળી

વર્ષાને કહેજો કે પાછી ના જાય, ધરતી પર વરસીને ખાલી એ થાય.
પશુપંખીની લાજ ના જાય, વર્ષાને કહેજો કે પાછી ના જાય.
માનવ-માનવનાં હૈયાં રિઝાવે, નદી-તળાવ ને સરવર છલકાય.
ધરતી ભીંજાવે સુગંધ ફેલાવે, પાણી રેલા સઘળે રેલાવે;
શીળી-શીતળ લ્હેરખીઓ વાય, વર્ષાને કહેજો કે પાછી ના જાય.

- કાન્તિભાઈ એમ શર્મા

# ક્રાંતિવીરો પૈકીના એક તેજસ્વી તારલા : શ્રી વિનાયક દામોદર સાવરકર

## વીર સાવરકરે ઘણા લાંબા મંથન પછી પોતાની જન્મટીપની કથા લખવાનું વિચાર્યું જે એક યોગ્ય દસ્તાવેજીકરણનું કામ થયું તેમ ગણી શકાય

ભારતનો સ્વાધિનતા સંગ્રામ અનેક પ્રકારના યાદગાર પ્રસંગોથી તથા એક એકથી ચડિયાતા એવા નરબંકાઓની શૌર્ય તેમજ બલિદાનની અમર કથાઓથી સુશોભિત છે. વિશ્વના ઇતિહાસમાં પ્રથમ વખત દુશ્મનો તરફ પણ તિરસ્કાર કે ઘૃણાનો ભાવ દર્શાવ્યા સિવાય સ્વયંશિસ્ત તથા સંયમથી વ્યાપક લોકજુવાળ ઊભો કરવાનું અશકય લાગતું કામ ગાંધીજીએ કરી બતાવ્યું હતું અને સમસ્ત વિશ્વની નજર આ સત્ય-અહિંસાના અવનવા પ્રયોગો તરફ મંડાયેલી હતી.

જાગૃતિના આ કાળમાં જેમ અનેક લોકોએ પૂર્ણત: અહિંસાને કેન્દ્રમાં રાખીને અંગ્રેજો સામે કપરી લડાઈ આરંભી હતી તેમ કેટલાક મરજીવાઓએ હાથમાં હથિયાર ધારણ કરીને પણ મહાસંગ્રામનું રણશિંગુ ફૂંકયું હતું. બંને પ્રકારના શૂરવીરોનું લક્ષ્ય માતૃભૂમિને આઝાદ કરવાનું હતું. લડતના આ અનોખા કાળમાં ખાસ કરીને યુવાવર્ગમાં સુભાષચંદ્ર બોઝ, જયપ્રકાશ નારાયણ, લોકમાન્ય તિલક, ભગતસિંહ તથા વીર સાવરકાર જેવા દિગ્ગજ ક્રાંતિકારીઓ ખૂબ જ લોકપ્રિય થયા હતા.

ક્રાંતિકારીઓનો આ સમૂહ ભલે નાની સંખ્યામાં દેખાતો હોય અને દેશના વિભિન્ન પ્રાંતોમાં વહેંચાયેલો હોય પરંતુ તેઓ એકબીજાના જીવંત સંપર્કમાં રહીને દેશના મુક્તિસંગ્રામની મોટી લડાઈમાં જોડાયેલા હતા. શ્રી સરદારસિંહ રાણા તથા શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા જેવા વીર પુરુષો દેશની બહાર રહીને અંગ્રેજી શાસનના અમાનુષી વલણની જાણ સમગ્ર દુનિયાને કરી ભારતની આઝાદી માટે લોકમતનું નિર્માણ કરી રહ્યા હતા. ક્રાંતિકારીઓનો આ વર્ગ સુશિક્ષિત હતો અને પોતાના



ઉચ્ચશિક્ષણ તથા આવડતના જોરે આરામદાયક જીવન પસાર કરી શકે તેમ હતો, પરંતુ તેને સ્વાધિનતાથી ઓછું કશું જ ખપતું ન હતું. પોતાના સમગ્ર જીવતરને હોડમાં મૂકીને તેમણે હેરત પમાડે તેવા સાહસનાં કામો કર્યા હતાં. પોતાના અન્ય તમામ શોખ સગવડો તથા કુટુંબીજનોની સુવિધાઓ પણ કોરાણે મૂકીને ભારતમાતાને પોતાની જાતનું સમર્પણ કર્યું હતું. શ્રી વિનાયક દામોદર સાવરકર આ ક્રાંતિવીરો પૈકીના એક તેજસ્વી તારલાનું નામ છે. શાસકોના ઇશારે કેટલાક અયોગ્ય નિર્ણયો પણ કરવા માટે જાણીતા એવા કાયદા તથા ન્યાયના તંત્રનો ઉપયોગ કરીને વીર સાવરકરને બે જન્મટીપની એટલે કે પચાસ વર્ષની સખત કૅદની સજા ફરમાવવામાં આવી હતી. ૧૯૧૧માં આ સજા સંભળાવતી વખતે તેમને જણાવવામાં આવ્યું કે ફાંસીની સજા પણ તેમની શાસન વિરોધી પ્રવૃત્તિઓ માટે ઓછી છે. એ ગણતરી પ્રમાણે તેમણે ૧૯૬૦ સુધી જેલમાં રહેવું પડે. જેલરે જ્યારે આ વાતની યાદ તેમના આંદામાન જેલના પ્રવેશ સમયે સાવરકરને યાદ અપાવી ત્યારે તેમણે શ્રધ્ધા, આત્મવિશ્વાસ તથા ખુમારીના બળથી જવાબ આપ્યો કે બ્રિટીશ સામ્રાજ્યનો તે પહેલાં અંત આવી જશે ! સકારણ શ્રધ્ધા તથા આશાવાદનું એક ઉત્તમ ઉદાહરણ.

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના નાના એવા ભગૂર ગામમાં જન્મ લઈને શ્રી સાવરકર ભારતની સ્વાધિનતા માટેની લાંબી લડાઈમાં એક અમર કહાનીરૂપ બની ગયા છે. ૨૮ મે, ૧૮૮૩માં તેમનો જન્મ. ઘરમાં બધા તેમને તાત્યા કહીને બોલાવતા હતા. પિતા દામોદરરાવ પોતાનાં સંતાનોને રામાયણ તથા મહાભારતના પ્રસંગો સંભળાવી સંસ્કાર ચિંતન કરતા હતા. છત્રપતિ શિવાજીની કથા સાંભળવામાં તાત્યા તથા તેના ભાઈઓને વિશેષ રસ પડતો હતો. નાનપણમાં જ તેમની માતાનું અવસાન થતાં પિતાએ માતા તથા પિતા બંનેની જવાબદારી સંભાળી હતી. સંસ્કાર તથા દેશપ્રેમ તેમને વારસામાં મળ્યા હતા. પુનાની ફરગ્યુસન કૉલેજમાં સાવરકરે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. ઉચ્ચ શિક્ષણ માટે વિલાયત જનાર સાવરકરની મુલાકાત કચ્છના સપૂત શ્યામજી કૃષ્ણ વર્મા સાથે થઈ હતી અને શ્યામજી તરફથી તેમને વિદેશ વસવાટ માટે મદદ પણ મળી હતી. તેઓ આ રીતે લંડનના સુવિખ્યાત ક્રાંતિતીર્થ ઈન્ડિયા હાઉસના સંપર્કમાં આવ્યા હતા.

અભ્યાસુ સ્વભાવ તથા જ્ઞાન મેળવવાની તેમની તમન્નાથી સાવરકરે સમગ્ર વિશ્વના ક્રાંતિવીરોના ઇતિહાસની વિગતો મેળવીને તેનો અભ્યાસ તેમજ મૂલ્યાંકન કર્યું હતું. ઇટલીના ક્રાંતિકારી મેઝેનીએ તેમના પર પ્રભાવ પાડ્યો હતો. વાચન સાથે લેખનની પ્રવૃત્તિ

### પ્રસંગસર

પણ સતત ચાલતી રહેતી હતી અને ભારતને આઝાદી મળે તે માટે લેખો લખીને પોતાની ધારદાર તથા તર્કયુક્ત રજૂઆતો તેમણે સળંગ ચાલુ રાખી હતી. વીર સાવરકના લખાણોમાં એક યાદગાર તથા ચિરંજીવી લખાણ ૧૮૫૭ના ઐતિહાસિક સ્વાતંત્ર્ય સંગ્રામ ઉપરનું છે. અંગ્રેજોએ જેને સિપાહીઓનો બળવો કહીને સત્ય હકીકતો દબાવી દેવાનો પ્રયાસ કર્યો હતો તે વીરતાના સંગ્રામની વાસ્તવિક વિગતો સાવરકરે જગત સમક્ષ રજૂ કરી હતી. દેશ-વિદેશમાં આ પુસ્તક પ્રસિદ્ધ થયું અને તેના વિશે વ્યાપક ચર્ચાઓ થઈ. અંગ્રેજોના દ્રષ્ટિકોણથી લખાયેલ ઇતિહાસમાં કેટલીક વીરતાપૂર્ણ તથા તેજસ્વી ઘટનાઓ - પાત્રોની સહેતુ અવગણના કરવામાં આવી હતી. આ ખોટ પૂરી કરવામાં એક ક્રાંતિકારીનું દર્શન વિશેષ પ્રભાવી તથા દિશાસૂચક બન્યું હતું. આ પુસ્તક પર તત્કાલિન સરકારે પ્રતિબંધ ફરમાવ્યો હતો.

ઇંગ્લાંડમાં તેમની ધરપકડ બાદ ૧૯૧૦માં તેમને ભારત તરફ એક જહાજમાં લાવવામાં આવતા હતા ત્યારે તેમણે સખત ચૉકી પહેરા વચ્ચે મરણની પરવા કર્યા સિવાય અગાધ સમુદ્રમાં જંપલાવીને નાસી છૂટવાનો જે પ્રયાસ કર્યો તે અસાધારણ ઘટના છે. ફ્રાન્સના માર્સેલ્સ બંદર પાસે ૮ જુલાઈ, ૧૯૧૦ના રોજ તેઓ ચપળતાથી સમુદ્રમાં કૂદી પડ્યા અને ખુલ્લા દરિયામાં તેમના પર હથિયારધારી અંગ્રેજ સૈનિકોએ ગોળીઓનો સતત વરસાદ વરસાવ્યો. તેમ છતાં તેમની સાહસિક વૃત્તિ, હિંમત તથા ગણતરીબધ્ધ હિલચાલને કારણે તેઓ માર્સેલ્સ બંદર પહોંચી ગયા. બીજા દેશના વિસ્તારમાં અંગ્રેજોની સત્તા ચાલશે નહીં તેમ માનીને તેઓએ ફ્રાન્સમાં અંગ્રેજ સૈનિકોની નજરથી બચવા પ્રયાસ કર્યો પરંતુ તેમને સફળતા ન મળી. બંને દેશના સૈનિકોએ અંદરોઅંદર સલાહ મસલત કરી ને સાવરકરને ફરી અંગ્રેજ સૈનિકોના બંદી બનાવવામાં આવ્યા. આ સમાચાર ભારત તથા વિશ્વના અન્ય દેશોના લોકોની જાણમાં આવ્યા ત્યારે સાવરકરની અસાધારણ વીરતાનો આ પ્રસંગ ખૂબ પ્રસિધ્ધિ પામ્યો.

વીર સાવરકરના તમામ કાર્યોને બ્રિટીશ સામ્રાજ્ય સામેનો વિદ્રોહ ગણીને તેમના પર ખટલો ચલાવવામાં આવ્યો. તેમને બે જન્મટીપની સજા ફરમાવવામાં આવી. વીર સાવરકરના કાર્યો તથા વ્યક્તિત્વની છાપ જે ભારતીય પ્રજામાનસ પર પડી હતી તેની સતત ચિંતા ગોરા હામેમોને રહેતી હતી. આથી તેમના કાર્યોની વિસ્મૃતિ થાય તથા દાખલા સ્વરૂપ સજાનો સંદેશ દેશના લોકોને મળે તે માટે તેમને આંદામાનમાં બ્રિટીશ સરકારે સ્થાપેલી વિશાળ તથા ભયાવહ સેલ્યુલર જેલમાં મોકલવામાં આવ્યા. આખરે અંગ્રેજોએ કેસરિયા કરનાર આ વીર પુરુષને કાળા પાણીની સજા તરીકે જાણીતી હતી તેવી આકરી સજા કરી. પ્રાથમિક સવલતોનો પણ અભાવ અને સખ્ત જાપ્તા વચ્ચે ઘણાં માતૃભૂમિના ભકતો અહીં યાતનાથી ભરેલું જીવન વ્યતિત કરતા હતા. વીર સાવરકરનો તેમાં ઉમેરો થયો. સમુદ્રના ભીષણ ઘૂઘવાટની જેમ જ આ ક્રાંતિવીરોના મનોમસ્તિષ્કમાં સ્વતંત્રતાની ઝંખનાનો ઘૂઘવાટ સતત ગૂંજતો રહેતો હતો. કાળા પાણીની આકરી સજાથી પણ તેમના જુસ્સા કે નૈતિક બળમાં કોઈપણ ફેરફાર થયો નહીં. જેલમાં પણ દૈનિક ક્રમમાં કરવી પડતી આકરી મજૂરી તથા ખૂબ જ અપૂરતા તથા પૂરતું પોષણ ન મળી શકે તેવા ખોરાક પર વીર સાવરકર સહિતના ક્રાંતિવીરો સ્વાધિનતાનાં સ્વપ્નો મનમાં સજાવીને આત્મવિશ્વાસથી જીવન વ્યતિત કરતા હતા.

વીર સાવરકરે ઘણા લાંબા મંથન પછી પોતાની જન્મટીપની કથા લખવાનું વિચાર્યું જે એક યોગ્ય દસ્તાવેજીકરણનું કામ થયું તેમ ગણી શકાય. બીજા રાજદ્વારી કેદીઓના પ્રમાણમાં તેમણે વધારે લાંબો સમય આ કાળ કોટડીમાં પસાર કર્યો હતો. આ વૃતાંત મરાઠીમાં 'માઝી જન્મઠેપ' નામના ગ્રંથથી સમાજને મળ્યો. તેનો ગુજરાતી અનુવાદ શ્રી ગોપાળરાવ ભાગવતે કરીને ગુજરાતી વાચકોને સુંદર ઉપહાર આપ્યો છે. બીજા પણ નાના-મોટા કેટલાક પુસ્તકો વીર સાવરકરના જીવનમાં ડોકિયું કરવા માટે ઉપલબ્ધ થયા છે.

વીર સાવરકર સારા લેખક હોવા ઉપરાંત ઘણા સારા વકતા પણ હતા. તેમને સાંભળવા હજારોની મેદની એકઠી થતી હતી. તેમનામાં કવિત્વ શક્તિ પણ બાળપણથી જ ખીલી હતી. બાર વર્ષનો કિશોરનાં ગદ્ય-પદ્ય લખાણો પૂનાના અખબારોમાં છપાતા હતાં. છત્રપતિ શિવાજીના ગુરુ રામદાસ, શિવાજી મહારાજ, ગેરિબાલ્ડી તથા મેઝેનીનો તેમના જીવન તથા વિચારો પર પ્રભાવ હતો. પચાસ વર્ષની બે જન્મટીપની સજાનો નિર્ણય સાંભળીને આ મહાવીરે કૉર્ટરૂમમાં જ ગર્જના કરી કે માત્ર ત્યાગ કરીને તથા દુખ સહન કરીને જ અમારી પ્રિય માતૃભૂમિ વિજય તરફ, સ્વાધિનતા તરફ પ્રયાણ કરી શકશે !

મુંબઈમાં ડુંગરીની જેલમાં પગમાં પહેરાવેલી ભારે બેડીઓ સાથે તેમજ કેદીના પોષાકમાં પોતાના તે જમાનામાં બારિસ્ટર થયેલા પતિને આંદામાન જતા પહેલાં ભારે પોલીસ પહેરા વચ્ચે રૂબરૂ મળતા વીસ-બાવીસ વર્ષની યુવાન પત્નીના મનમાં કેવી લાગણીઓ જન્મી હશે ! પચાસ વર્ષની કેદ. ફરી પાછા જીવતા મળાય કે ન મળાય તેવી જગ્યાએ જેલવાસની સજા. પરંતુ આ ભારતીય વીરાંગના પતિને અહીંની ચિંતા ન કરવા તથા પોતાની કાળજી લેવાની સલાહ આપીને ભારે હૈયે પરંતુ હસતા મુખે વિદાય આપે છે ત્યારે લાગે છે કે આઝાદી પ્રાપ્ત કરવા માટે કેટલા બધા લોકોએ કેટલી મોટી કિંમત ચૂકવી છે !

ગુજરાતની વિધાનસભામાં પણ ૨૮ મે ના રોજ તેમના તૈલચિત્રને પુષ્પાંજલી આપવામાં આવે છે. દેશને આઝાદી મળે તે માટે પોતાના સર્વસ્વનું બલિદાન આપનારા ક્રાંતિકારીઓ અનેક રીતે પ્રેરણાના સતત સ્ત્રોતો સમાન છે.

- વસંતભાઈ ગઢવી

